| | |
|---|---|
| દાખલ તારીખ | ૨૩/૦૩/૨૦૨૬ |
| રજીસ્ટર તારીખ | ૨૩/૦૩/૨૦૨૬ |
| નિકાલ તારીખ | ૦૨/૦૪/૨૦૨૬ |
| સમય અવધિ | વર્ષ:૦ માસ:૦ દિવસ : ૯ |

**દેવભુમિ ધ્વારકા જીલ્લાના બીજા એડી. સેશન્સ જજ સાહેબની અદાલત સમક્ષ, મુ.ખંભાળીયા.**

**ફો.પ.અ.નં.૧૧૩/૨૦૨૬**

૧. **હમીર ઉર્ફે હમલો અરશીભાઇ ચંદ્રવાડીયા,**
ઉ.વ.આ.૨૩, ધંધો–મજુરી,
રે.શેરી નં.૩, સ્વામીનારાયણ સોસાયટી,
દોલતપરા, આઇશ્રી ખોડીયાર મકાન,
તા.જી.જુનાગઢ.

૨. **રઈસ યાકુબભાઈ શાહમદાર,**
ઉ.વ.આ.૧૯, ધંધો–મજુરી,
રે.દોલતપરા, કીરીટનગર,
તા.જી.જુનાગઢ.
**(હાલ – જીલ્લા જેલ, જામનગર)** **...અરજદારો**

**વિરુધ્ધ**

શ્રી ગુજરાત સરકાર
થ્રુ ડી.જી.પી. સાહેબ,
દેવભૂમિ ધ્વારકા, મુ.ખંભાળીયા. **...સામાવાળા**

*********************************************************

**********************************************************

**<u>બાબત</u>:–** **ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ની કલમ–૪૮૩ મુજબ રેગ્યુલર જામીન અરજી. (ચાર્જશીટ બાદની પ્રથમ વખતની)**

**********************************************************

**ચાર્જ :** ખંભાલીયા પોલીસ સ્ટેશન ગુ.રજી.નં.૧૧૧૮૫૦૦૪૨૫૧૯૪૭/૨૫, બી.એન.એસ. કલમ–૩૧૦(૨)(૫)(૬), ૩૧૧, ૧૦૯(૧), ૧૧૮ (૧), ૧૧૭(૧), ૧૧૫(૨), ૩૫૧(૩) તથા જી.પી.એકટ કલમ–૧૩૫(૧) મુજબ.

**********************************************************

અરજદારો તરફે વિ.વકીલ **શ્રી એ.આઈ.બ્લોચ**
સામાવાળા સરકાર તરફે વિ.એ.પી.પી.**શ્રી બી.એસ.જાડેજા**

**********************************************************

**–: <u>જામીન અરજી આંક : ૧ લગત હુકમ</u> :–**

**૧.** અરજદારો/આરોપીઓ દ્વારા હાલની આ જામીન અરજી **ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ની કલમ–૪૮૩** હેઠળ, તેઓને ખંભાલીયા પો.સ્ટે.ગુ.રજી. નં.૧૧૧૮૫૦૦૪૨૫૧૯૪૭/૨૫, બી.એન.એસ. કલમ –૩૧૦(૨)(૫)(૬), ૩૧૧, ૧૦૯(૧), ૧૧૮(૧), ૧૧૭(૧), ૧૧૫(૨), ૩૫૧(૩) તથા જી.પી.એકટ કલમ–૧૩૫(૧) મુજબ ગુન્હાના કામે અટક કરેલ, ત્યારબાદ અરજદારો/આરોપીઓને નામદાર કોર્ટમાં રજુ કરેલ અને ત્યારથી અરજદારો/આરોપીઓ જયુડીશ્યલ કસ્ટડીમાં હોઈ, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ–૪૮૩ હેઠળ અરજીમાં જણાવેલ કારણોસર જામીન ઉપર મુકત થવા સારૂ અરજ/વિનંતી કરેલ છે.

**૨.** સદર અરજી અત્રેની અદાલતમાં દાખલ થતા રજીસ્ટરે લઈ સામાવાળાશ્રી સરકારને તથા ફરીયાદીને નોટીસ કરવામાં આવેલ. જે અનુસંધાને વિધ્વાન પી.પી.શ્રી ઉપસ્થિત થયેલ છે તથા પોલીસ પેપર્સ વંચાણ માટે રજુ કરવામાં આવેલ છે. તપાસ કરનાર અમલદારશ્રીએ આંક : ૫

થી અરજદારોની રેગ્યુલર જામીન મેળવવા બાબતેની અરજી અંગે સોગંધનામુ રજુ કરેલ છે, જે વંચાણે લીધુ.

૩. અરજદારો/આરોપીઓ તરફે વિધ્વાન વકીલશ્રી એ.આઈ.બ્લોચ નાઓને તથા વિ.એ.પી.પી. શ્રી બી.એસ.જાડેજાનાઓને સાંભળ્યા, અરજી વંચાણે લીધી.

૪. અરજદારો/આરોપીઓ તરફે તેઓના વિ.વ.શ્રી એ.આઈ.બ્લોચ નાઓએ લંબાણપૂર્વકની દલીલ કરેલ છે, જે મુજબ ટુંકમાં મહત્વની દલીલ એવી છે કે, આ કામના અરજદારો/આરોપીઓ હાલના ગુન્હાના કામે નિર્દોષ છે, અરજદારો/આરોપીઓએ ફરીયાદપક્ષના કેસની હકીકતે કહેવાતો કોઈ ગુન્હો કરેલ નથી. આ કામના અરજદારો/આરોપીઓ સામે ફરીયાદપક્ષના કેસની હકીકતે બી.એન.એસ.કલમ-૩૧૦(૨), ૩૧૦(૫), ૩૧૦(૬), ૩૧૧, ૧૦૯(૧), ૧૧૮(૧), ૧૧૭(૨), ૧૧૫(૨), ૩૫૧ (૩) તથા જી.પી.એકટ કલમ-૧૩૫(૧) મુજબનો પ્રાઈમાફેસી કેસ નથી. જેથી, અરજદારો/આરોપીઓ ને જામીન મુકત કરવા દલીલ કરેલ છે.

૪.૧. વિ.વ.શ્રીએ વધુમાં દલીલ કરેલ છે કે, ફરીયાદ પક્ષના કેસની હકીકત જોઈએ તો, ફરીયાદીની ફરીયાદ મુજબ જે અજાણ્યા માણસો હતા તે અજાણ્યા માણસો સંબંધે ફરીયાદીને કોઈ વહીવટ વ્યવહાર કે નેકસસ ન હોય, જે હકીકત એડમીટેડ પોઝીશન હોય, તેમ છતાં આ કામના અરજદાર/આરોપીઓને અન્ય આરોપી સાથે મળી હુમલો કર્યાના કેસમાં ખોટી રીતે સંડોવી દીધેલ હોય અને હાલના અરજદારો કે જે અજાણ્યા માણસોની ભુમીકામાં હોય અને હાલના અરજદારોને ફરીયાદી કયારેય મળેલ ન હોય કે અરજદારોને ફરીયાદી ઉપર હુમલો કરવા સંબંધે કોઈ મોટીવ ન હોય. જેથી, અરજદારો/આરોપીઓને જામીન મુકત કરવા દલીલ કરેલ છે.

**૪.૨.** વિ.વ.શ્રીએ વધુમાં દલીલ કરેલ છે કે, આ કામના અરજદારોની પ્રથમ જામીન અરજી હોય અને ચાર્જશીટ પહેલા કોઈ અરજી કરેલ ન હોય અને એફ.આઈ.આર.ની હકીકતે ત્રણ અજાણ્યા ઈસમ તરીકે કોઈ વીગત વર્ણન વગર ફરીયાદની હકીકત આધારે કોઈ સંડોવણી ન હોવા છતાં તપાસના કામે ખોટા પુરાવા ઉભા કરી ખોટી રીતે સંડોવણી ઉભી કરી અટક કરવામાં આવેલ છે.

**૪.૩.** વિ.વ.શ્રીએ વધુમાં દલીલ કરેલ છે કે, બનાવ સબંધે પોલીસ એજન્સી ધ્વારા તપાસ પુર્ણ કરી ચાર્જશીટ ફાઈલ કરવામાં આવેલ હોય જે કરેલ તપાસની હકીકત જોતા હાલના અરજદારો/આરોપીઓ ની સંડોવણી ફરીયાદપક્ષના કેસની હકીકતે શંકાસ્પદ હોય, અરજદારોને જામીન ઉપર મુકત કરવામાં આવ્યે કોઈ સાક્ષી પુરાવાઓને ટેમ્પરવીથ કરે તેમ ન હોય જેથી, અરજદારો/આરોપીઓ ને જામીન મુકત કરવા દલીલ કરેલ છે.

**૪.૪.** વિ.વ.શ્રીએ વધુમાં દલીલ કરેલ છે કે, આ કામના અરજદારો/ આરોપીઓ જુનાગઢ ગામના રહેવાસી હોય અને ફરીયાદીશ્રી કલ્યાણપુર તાલુકાના વીરપર ગામના રહેવાસી હોય અને બનાવની તપાસ પુર્ણ થઈ ગયેલ હોય જેથી ટ્રાયલ ચાલતા લાંબો સમય નિકળે તેમ હોય જેના કારણે અરજદારોને પ્રિ–ટ્રાયલ પનીશમેન્ટ ફેસ કરવી પડે તેમ હોય. અરજદારો/ આરોપીઓને જામીન મુકત કરવામાં આવ્યેથી નામદાર કોર્ટ ધ્વારા જે કાંઈ શરતો ફરમાવવામાં આવે તે તમામ શરતોનું અરજદારો પાલન કરવા તૈયાર અને ખુશી છે, જે હકીકત જોતા તેમજ તપાસની હકીકત જોતા અરજદારો/ આરોપીઓ ને જામીન મુકત કરવા દલીલ કરેલ છે.

**૪.૫.** અરજદાર/આરોપીઓ તરફે તેમના વિ.વ.શ્રીએ પોતાની દલીલના સમર્થનમાં નીચે મુજબના ચુકાદાઓ રજુ કરેલા છે.

**૧. ૨૦૧૨ (૧) ક્રાઈમ્સ (એસ.સી.) ૧૪૫**

મૌલાના મહમદ અમીર રશદી વિ.

યુ.પી. રાજય અને બીજાઓ

**૨. ૨૦૨૧ (૦) એઆઇજેઇએલ–એચ.સી. ૨૪૩૩૦૬**

કાઝી અલ્ફાઝ ઉર્ફે મકો યુસુફભાઇ ઉર્ફે બાબુભાઇ વિ. ગુજરાત રાજય

**૩. ૨૦૧૨ (૦) જી.એલ.એચ. ૯૩**

સંજય ચંદ્રા વિ. સી.બી.આઇ.

**૫.** સરકાર તરફે વિ.પી.પી.શ્રી એલ.આર.ચાવડાનાઓએ લંબાણપૂર્વકની દલીલ કરેલ છે, જે મુજબ ટુંકમાં મહત્વની દલીલ એવી છે કે, આરોપીઓ એ ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૦૯(૧), ૩૧૦(૨), ૩૧૦ (૫), ૩૧૦(૬) હેઠળનો હાલનો ગુન્હો ખુબજ ગંભીર અને ધૃણાજનક કરેલ છે. સામાન્ય રીતે આવા ગુન્હાના તહોમતવાળી વ્યકિતઓને જામીન મુકત કરી શકાય નહિ. આ કામના અરજદારો/આરોપીઓ એ ગુન્હામાં સક્રિયપણે ભાગ ભજવેલ છે અને અરજદારો/આરોપીઓ વિરૂધ્ધ નજરે જોનાર પ્રથમ દર્શનીય હકારાત્મક અને સચોટ પુરાવાઓ રેકર્ડ પર છે. આ કામના અરજદારો/ આરોપીઓ પોતે આ કેસમાંથી છુટવા માટે ફરીયાદી પંચો સાહેદોને તથા તેના પરીવારજનોને ભયમાં મુકી યેનકેન પ્રકારે હેરાન કરી અથવા કોઇ ખોટા ગુન્હામાં સંડોવી દેવાની ધમકી આપી ખોટા અને બનાવટી સમાધાનના સોગંદનામાં ઉભા કરાવે તેવી પુરેપુરી શકયતા છે. જેથી જામીન અરજી ના–મંજુર કરવા દલીલ કરેલ છે.

**૫.૧.** વધુમાં વિ.પી.પી.શ્રીએ દલીલ કરેલ છે કે, આ બનાવમાં અરજદારો/આરોપીઓ એ વ્યવસ્થિત કાવતરૂ રચી એક ગુન્હાહીત કાવતરામાં સામેલ રહેલ છે. જેથી ગુન્હામાં લાદવામાં આવેલ કલમો મુજબનો ગુન્હો હાલના અરજદારો/આરોપીઓએ કરેલ છે, જેથી આ જુથના અરજદારો/આરોપીઓ ઓ પોતાના અન્ય બીજા માટે વળતા પ્રહાર સ્વરૂપે આવા ગંભીર પ્રકારના ગુન્હાઓનું પુનરાવર્તન કરે તેવી શકયતાઓ છે. આ ગુન્હાની તપાસ દરમ્યાન સ્વતંત્ર સાહેદોના નિવેદનો નોંધવામાં આવેલ છે હાલના અરજદારો/આરોપીઓ સદરહુ ગુન્હાનો હેતુ પાર પાડવા માટે

ગુન્હાહીત કૃત્ય આચર્યા બાદ નાસતા ફરતા રહેલા હતા અને તપાસ દરમ્યાન પકડાઇ ગયેલ હતા. જેથી જામીન અરજી ના–મંજુર કરવા દલીલ કરેલ છે.

**પ.ર.** વધુમાં વિ.પી.પી.શ્રીએ દલીલ કરેલ છે કે, આ કામના અરજદારો/આરોપીઓ સદરહુ ગુન્હાના કાવતરામાં પ્રથમથીજ સામેલ હોય અને ગુનાને અંજામ આપવાની પોતાની સક્રિય ભૂમીકા હોય અને ગુનો કરી નાસી જઈ આવા ગંભીર પ્રકારના ગુન્હામાં અરજદારો/આરોપીઓ ને જામીન આપવામાં આવે તો સમાજમાં આવા ગંભીર પ્રકારના ગુન્હા કરનારને પ્રોત્સાહન મળે તેમ છે. આ કામના અરજદારો/આરોપીઓ આ કામના ફરીયાદ પક્ષના કોઇ પંચો કે સાહેદોને લોભ લાલચ કે પ્રલોભન આપવાની કોશીષ કરે તેવી દહેશત છે જો તેમાં સફળતા ન મળે તો આ કામના અરજદારો/આરોપીઓ મોટા જુથના હોય પોતે જાતેથી કે પોતાના જુથના અન્ય સભ્યો મારફતે કે સંદેશા વ્યવહારના હાઈટેક માધ્યમોથી કે અન્ય કોઇ પણ રીતે ધાક ધમકી આપી ફોડી નાખી આ ગંભીર પ્રકારના પ્રથમ દર્શનીય કેસને ગંભીર નુકશાન પહોંચાડે તેવી પુરેપુરી શકયતા છે. જેથી જામીન અરજી ના–મંજુર કરવા દલીલ કરેલ છે.

**પ.૩.** વધુમાં વિ.પી.પી.શ્રીએ દલીલ કરેલ છે કે, આ કામના અરજદારો/આરોપીઓ ગુન્હો કરી નાસી જવાની ટેવવાળા છે જેથી મોટા જુથમાંથી કોઇ પણ અરજદારો/આરોપીઓ કોઈપણ પ્રકારે ગેરહાજર રહી ટ્રાયલ સમયે હાજર નહી રહે અને આ કામના ફરીયાદી અને સાહેદોને ખરા અર્થમાં ન્યાય ન મળે તે પ્રકારની પરીસ્થિતી ઉભી કરશે અથવા વિદેશ જતા રહી આ કેસના પ્રોસીકયુશનને વિલંબમાં નાખી ગંભીર નુકશાન પહોંચાડે તેવી પુરેપુરી શક્યતા છે. આ બનાવમાં અરજદારો/આરોપીઓ એ વ્યવસ્થિત કાવતરૂ રચી એક ગુન્હાહિત કાવતરામાં સામેલ રહેલ છે. જેથી ગુન્હામાં લાદવામાં આવેલ કલમો મુજબનો ગુન્હો હાલના અરજદારો/આરોપીઓ એ કરેલ છે, જેથી આ જુથના અરજદારો/આરોપીઓ પોતાના અન્ય બીજા માટે વળતા પ્રહાર સ્વરૂપે આવા ગંભીર પ્રકારના ગુન્હાઓનું પુનરાવર્તન કરે તેવી શકયતાઓ છે. જેથી જામીન અરજી ના–મંજુર કરવા દલીલ કરેલ છે.

**૫.૪.** વધુમાં વિ.પી.પી.શ્રીએ દલીલ કરેલ છે કે, આરોપીઓ પાવરફુલ અને વગદાર વ્યકિત છે. જેથી તેની મુકત હાજરી ટ્રાયલ વખતે સાહેદોના મગજમાં ડર પેદા કરે તેવી પુરેપુરી શકયતા રહેલી છે. હાલના ગુન્હાની જામીન અરજીનો નિર્ણય કરતી વખતે સજાનું પ્રમાણ, ગુન્હાની ગંભીરતા અને આરોપીઓ ની સાક્ષી પુરાવા સાથે ચેડા કરવાની શકયતા ધ્યાનમાં રાખીને અરજદારો/આરોપીઓ ની જામીન અરજી ના–મંજુર કરવા દલીલ કરેલ છે.

**૫.૫.** મુળ ફરીયાદી તરફે વિ.વ.શ્રી એસ.જે.જોષીનાઓએ આંક : ૮ થી જામીન અરજી સામે લેખિત વાંધાઓ રજુ કરેલ છે, જે માનસહ વંચાણે લીધા.

**૬.** બન્ને પક્ષોના વિ.વ.શ્રીઓની લંબાણપૂર્વકની દલીલો ધ્યાને લીધી. અરજદરની રેગ્યુલર જામીન અરજી તથા જામીન અરજી સંલગ્ન રજુ કરેલ દસ્તાવેજી પુરાવાઓ તથા તપાસ કરનાર અમલદારશ્રીએ આંક : ૫ થી રજુ કરેલ સોગંદનામુ, અરજદાર/આરોપીઓ તરફે રજુ થયેલ ચુકાદાઓ તથા મુળ ફરીયાદી તરફે રજુ થયેલ વાંધાઓ વંચાણે લીધા. અરજદારો/આરોપીઓ વિરૂધ્ધ ખંભાલીયા પો.સ્ટે.ગુ.રજી. નં.૧૧૧૮ ૫૦૦૪૨૫૧૯૪૭/૨૫, બી.એન.એસ. કલમ–૩૧૦(૨)(૫)(૬), ૩૧૧, ૧૦૯(૧), ૧૧૮(૧), ૧૧૭(૧), ૧૧૫(૨), ૩૫૧(૩) તથા જી.પી. એકટ કલમ–૧૩૫(૧) મુજબનો ગંભીર પ્રકારના ગુનાનો આક્ષેપ છે.

**૬.૧.** અરજદારો/આરોપીઓએ વ્યવસ્થિત કાવતરૂ રચી એક ગુન્હાહીત કાવતરામાં સામેલ રહેલ છે. જેથી ગુન્હામાં લાદવામાં આવેલ કલમો મુજબનો ગુન્હો હાલના અરજદારો/આરોપીઓએ કરેલ છે.

**૬.૨.** આ કામે પોલીસ પેપર્સ વંચાણે લેતા, હાલના અરજદાર/ આરોપી નં.૧ ની સી.સી.ટીવીમાં સાહેદ ધ્વારા ઓળખપરેડ કરવામાં આવેલ

છે. અરજદાર/આરોપી નં.૧ પાસેથી લાકડાનો ધોકો તથા પાવડો કબજે કરવામાં આવેલ છે તથા લુંટ કરવામાં આવેલ ચેઇન સદરહુ આરોપી નં.૧ નાએ જે સોનીને વેચેલ, તે સોનીએ પણ હાલના અરજદાર/ આરોપી નં.૧ નાએ ચેઇન વેચાણ કરેલ હોવાની હકીકત રજુ થયેલ પેપર્સ તથા સોગંદનામા ઉપરથી જણાય આવે છે. આમ, હાલના અરજદાર/આરોપી નં.૧ ની ગુનામાં સક્રીય સંડોવણી હોવાનુ અને ભાગ ભજવેલ હોવાનુ જણાય આવે છે.

**૬.૩.** આ કામે પોલીસ પેપર્સ વંચાણે લેતા, હાલના અરજદાર/ આરોપી નં.૨ પાસેથી માત્ર મોબાઇલ અને લાકડાનો ધોકો કબજે કરવામાં આવેલ છે. હાલના અરજદાર/આરોપી નં.૨ સ્થળ ઉપર હાજર હોય તે અંગે કોઇ સાહેદોના નીવેદનો તથા સી.સી.ટીવી કુટેજ હોય તેવુ જણાય આવતુ નથી. માત્ર ટ્રાવેલ્સના ડ્રાઇવર વિપુલભાઇ ભીમજીભાઇ ગુજરાતીનાઓએ હાલના આરોપી નં.૧ તેઓની લકઝરીમાં ટ્રાવેલ કરેલ, તેટલી હકીકત જણાવેલ છે. વધુમાં ફરીયાદમાં ત્રણ અજાણ્યા ઇસમો હોવાનુ તથા ત્રણ વ્યકિતઓ વિરૂધ્ધ નામજોગ ફરીયાદ આપેલ હોવાનુ જણાય આવે છે. આમ, અરજદાર/આરોપી નં.૧ નાઓએ ગુનામાં સક્રીય ભાગ ભજવેલ હોવાનુ તથા અરજદાર/આરોપી નં.૨ સ્થળ ઉપર હાજર હોવાનુ સાહેદોના નીવેદન અને સી.સી.ટીવી કુટેજ ઉપરથી જણાય આવતુ ન હોવાથી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

**–:: <u>આખરી હુકમ</u> ::–**

- અરજદાર/આરોપીઓની બી.એન.એસ.એસ.ની કલમ –૪૮૩ હેઠળની જામીન મુકત થવા માટેની ક્રીમીનલ પરચુરણ અરજી **નં.૧૧૩/૨૦૨૬ અંશત: મંજુર** કરવામાં આવે છે.

- અરજદાર/આરોપી નં.૧ **હમીર ઉર્ફે હમલો અરશીભાઇ ચંદ્રવાડીયા**ની બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩ હેઠળની જામીન મુકત થવા માટેની ક્રીમીનલ પરચુરણ અરજી **નં.૧૧૩/૨૦૨૬ ના–મંજુર** યાને **રદ** કરવામાં આવે છે.

- અરજદાર/આરોપી નં.ર **રઈસ યાકુબભાઈ શાહમદાર**ની ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ર૦ર૩ની કલમ–૪૮૩ અન્વયેની જામીન મુકત થવા માટેની ક્રીમીનલ પરચુરણ અરજી **નં.૧૧૩/૨૦૨૬** ના કામે અરજદારે **રૂ.૨૫,૦૦૦/–** (અંકે રૂપિયા **પચીસ હજાર** પુરા) ના સધ્ધર અને સ્થાનીક જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા રજુ કર્યેથી નીચેની શરતોને આધીન જામીન અરજી **મંજુર** કરવામાં આવે છે.

**–:: <u>શરતો</u> ::–**

- અરજદાર નં.ર નાએ ટ્રાયલ કોર્ટની પૂર્વ પરવાનગી વગર ગુજરાત રાજયની હદ છોડવી નહી અને જો તેઓ પાસપોર્ટ ધરાવતા હોય તો તે સબંધિત ટ્રાયલ અદાલત માં જમા કરાવી દેવો અને પાસપોર્ટ ન ધરાવતા હોય તો જામીન મુકત થયાના દિન–૩ માં તે અંગેનુ સોગંદનામુ કરવુ.

- અરજદાર નં.૨ નાએ પોતાનુ ઓળખકાર્ડ, આધાર કાર્ડની ઝેરોક્ષ ટ્રાયલ કોર્ટમાં તથા તપાસ કરનાર અમલદારશ્રી પાસે રજુ કરવુ.

- અરજદાર નં.૨ નાએ તથા જામીનદારે તેમનુ કાયમી અને હંગામી રહેણાંકનું પુરેપુરુ સરનામુ તથા મોબાઈલ નંબર તથા મિલકતના આધાર પુરાવા તપાસ કરનાર અધિકારી ને આપવા તથા ટ્રાયલ કોર્ટમાં રજુ કરવા અને રહેણાંકના સરનામામાં કોઈ ફેરફાર ટ્રાયલ કોર્ટની પૂર્વ પરવાનગી સિવાય કરવો નહી.

- અરજદાર નં.૨ નાએ ફરીયાદપક્ષના સાક્ષી પુરાવા સાથે ચેડા કરવા નહી કે સાહેદોનો સંપર્ક કરવો કરાવવો નહી કે સાહેદોને ફોડવાની કોશિષ કરવી નહી કે સુલેહશાંતીનો ભંગ થાય તેવુ કોઈ કૃત્ય કરવુ નહી, ફરીથી કોઈપણ પ્રકારનુ ગુનાહીત કૃત્ય કરવુ કરાવવુ નહી.

- અરજદાર નં.૨ સળંગ ૩ (ત્રણ) મુદત ગેરહાજર રહેશે તો જામીન આપોઆપ રદ ગણાશે.

- ઉપરોકત શરતો પૈકી કોઈ શરતનો ભંગ કર્યેથી અરજદાર /આરોપીના જામીન રદ્દ થયા ગણાશે.

- અરજદાર નં.૨ નાએ હુકમ મુજબના જામીન ટ્રાયલ કોર્ટની અદાલત સમક્ષ આપવાના રહેશે.

- આ હુકમની જાણ અરજદારોને થવા સારૂ જિલ્લા જેલ, જામનગરને ઈ–મેઈલથી કરી આપવી.

હુકમ આજરોજ **તા.૦૨, માહે–એપ્રિલ, સને–૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

**તા.૦૨/૦૪/૨૦૨૬**
**ખંભાળીયા.**

*(વી.કે.જુંગી)*

**(એસ.જી.મનસુરી)**
બીજા એડીશ્નલ સેશન્સ જજ
દેવભૂમિ દ્વારકા, મુ.ખંભાળીયા
**Code No.G.J.00603**